નોવેલ કોરોના વાઈરસ (Covid-19) ના સંક્રમણને નિયંત્રણમાં લાવવા લેવાના થતા નિવારાત્મક પગલાઓ બાબત..

વંચાણમાં લીધા
૧ નામ.સરકારશ્રીના ગૃહ વિભાગ સચિવાલય ગાંધીનગરના તા. ૨૩.૩.૨૦૨૦ના જાહેરનામા ક્રમાંક જીજી/૨૦/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨
૨ નામ.સરકારશ્રીના સામાન્ય વહીવટી વિભાગ સચિવાલય ગાંધીનગરના તા. ૨૪.૩.૨૦૨૦ના પરિપત્ર ક્રમાંક પરચ-૧૦૨૦૨૦-૫૦૧—ટ
૩ નામ.સરકારશ્રીના સામાન્ય વહીવટી વિભાગ સચિવાલય ગાંધીનગરના તા. ૨૫.૩.૨૦૨૦ના પરિપત્ર ક્રમાંક પરચ-૧૦૨૦૨૦-૫૦૧—ટ
૪ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ નવસારીના તા. ૨૬.૩.૨૦૨૦ના પત્ર ક્રમાંક નં. ડીસીબી/એમએજી/ પરચ/વશી.૩૨૪૦/૨૦૨૦

## :: પરિપત્ર::

ઉપરોકત વંચાણમાં લીધેલ ક્રમ-૩ના પરિપત્રમાં જણાવ્યા મુજબ રાજય સરકારશ્રી તરફથી સરકારી કર્મચારી/ અધિકારીઓની ૫૦ ટકા Rotational હાજરી સંબંધમાં સૂચનાઓ બહાર પાડવામાં હતી જેને ધ્યાનમાં લઈ રાજય સરકારશ્રીએ નોવેલ કોરોના વાઈરસ (Covid-19) ના સંક્રમણને નિયત્રણમાં રાખી શકાય તે હેતુથી જાહેર હિતમાં રાજય સરકારશ્રીની સરકારી કચેરીએ તા.૨૪.૩.૨૦૨૦ થી ૨૧ દિવસ માટે બંધ કરવાનો નિર્ણય કરેલ છે.રાજય સરકાર દ્વારા ઉકત વંચાણમાં લીધેલ ક્રમ-૩ ના પરિપત્રથી આવશ્યક સેવાઓ સાથે સંકળાયેલ કચેરીઓ સિવાયની તમામ કચેરીઓ બંધ રાખવી પરંતુ, કામની અગત્યતાના સંબધમાં સ્વવિવેકાનુસાર ન્યનતમ કર્મચારીઓ (Skeleton Staff) સાથે જે તે કચેરી ચાલુ રાખવાની સૂચના આપવામાં આવેલ છે જેને ધ્યાનમાં લઈ નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકની તમામ કોલેજ/પોલીટિકનીક/યુનિટ/સબ યુનિટ કચેરીઓ તથા શૈક્ષણિક કાર્યો તા.૨૪.૩.૨૦૨૦ થી તા.૧૪.૪.૨૦૨૦ સુધી બંધ રાખવામાં આવે છે.

વધુમાં જણાવવાનું કે નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકની તમામ કોલેજ/પોલીટિકનીક/ યુનિટ/સબ યુનિટ કચેરીઓના વડાશ્રીઓને તેમના વિભાગની કામની અતિ અગત્યતાને ધ્યાનમાં લઈ સ્વવિવેકાનુસાર ન્યુનતમ કર્મચારીઓ સાથે (Skeleton Staff) સાથે રાખીને કચેરીઓ ચાલુ રાખવાની રહેશે,તેમજ યુનિવર્સિટી હસ્તકની તમામ કચેરીઓના અન્ય અધિકારી/કર્મચારીઓએ ઘરેથી કાર્ય (Work from home) તેમની કચેરીના વડાશ્રીઓની સૂચના મુજબ કરવાનું રહેશે, તેમજ મોબાઈલ ફોન તેમજ ઈ-મેઈલ પર ઉપલબ્ધ રહેવાનું રહેશે. **ઉપરોકત સમયગાળા દરમ્યાન યુનિવર્સિટીનું તમામ શૈક્ષણિક કાર્ય બંધ રહેશે.**

સદર પરિપત્રનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

સદર પરિપત્ર માન.કુલપતિશ્રી આજ્ઞાનુસાર યુનિવર્સિટીના કામકાજના હિતમાં જારી કરવામાં આવે છે.

જા.નં. નકૃયુ/રજી./એડીએમ.૩.૨/**૨૫૮૫-૨૬૩૫**/ ૨૦૨૦
ન.કૃ.યુ. નવસારી તા.૨૬.૩.૨૦૨૦

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**નકલ સવિનય રવાના:-**

(૧) માન.અધિક મુખ્ય સચિવશ્રી કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ નવા સચિવાલય બ્લોક નં. ૫ ગાંધીનગર
(૨) કલેકટરશ્રી જિલ્લા સેવા સદન કાલીયાવાડી નવસારી
(૩) માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી ન.કૃ.યુ. નવસારી
(૪) યુનિવર્સિટીના તમામ કોલેજ/પોલીટિકનીના ડીનશ્રી/ આચાર્યશ્રીઓ તરફ જાણ તેમજ ઘટતુ સારુ.
(૫) યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ ઘટતુ સારુ.